ડુપ્લિકેટ ઘી-એનાલોગ પનીર-ચીઝ વેચનારા સામે તવાઈ


પામ ઓઇલને ઘી તરીકે વેચતા એકમો સામે કાયદેસર કાર્યવાહી અને પોલીસની મદદથી ફરિયાદના આદેશ

ભેળસેળિયા ખાદ્યપદાર્થોના નેટવર્કને ડામવા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને સૂચના, હોટેલ-રેસ્ટોરન્ટમાં પણ સ્વચ્છતાની ચકાસણી થશે

ગાંધીનગરઃ તહેવારોના દિવસોમાં બજારમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના વેચાણને અટકાવવા રાજ્યભરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવશે. ડુપ્લિકેટ ઘી, એનાલોગ પનીર, ચીઝ, બટર સહિતના ભેળસેળયુક્ત ઉત્પાદનો વેચતા ઉત્પાદકો અને વેપારીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવા સાથે પામ ઓઇલ જેવા પદાર્થોને પ્લાસ્ટિકના રેપરમાં માત્ર ‘ઘી’ લખીને વેચતા એકમોને પણ છોડવામાં નહીં આવે. હોટેલ, રેસ્ટોરન્ટ અને ફૂડ સ્ટ્રીટમાં સ્વચ્છતાના માપદંડોનું પાલન કરાવવા તથા સીલ ખોલીને ખાદ્યસામગ્રીની હેરાફેરી કરનારાઓ સામે પોલીસની મદદથી ફરિયાદ નોંધાવવા પણ સૂચના આપવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને રાજ્યના તમામ જિલ્લાના આરોગ્ય અધિકારીઓ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા 108 સેવાના અધિકારીઓ સાથે યોજાયેલી ઉચ્ચસ્તરીય વર્ચ્યુઅલ બેઠકમાં આ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં ડુપ્લિકેટ ઘી ઉપરાંત એનાલોગ પનીર, ચીઝ અને બટર બનાવવામાં ટોમેટો સોસ, કેરીનો રસ તથા પામ ઓઇલ જેવા પદાર્થોના ભેળસેળયુક્ત ઉપયોગ સામે ચાલી રહેલી કાર્યવાહીની સમીક્ષા કરાઈ હતી. ખાસ કરીને ઘી તરીકે વેચાતા પામ ઓઇલ અને અન્ય ભેળસેળયુક્ત ઉત્પાદનોના વેચાણમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાની પદ્ધતિ સામે કડક વલણ અપનાવવા જણાવાયું હતું. હોટેલ, રેસ્ટોરન્ટ અને ફૂડ સ્ટ્રીટમાં સ્વચ્છતા તથા નિર્ધારિત કાર્યપદ્ધતિ (SOP)નું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવા પણ તંત્રને સૂચના અપાઈ હતી. ખાદ્યસામગ્રીના સીલ ખોલીને ગેરકાયદે હેરાફેરી કરનારા સામે પોલીસ સહયોગથી ફરિયાદ નોંધાવવાની દિશામાં પણ કાર્યવાહી કરાશે. બેઠકમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વર્ષ દરમિયાન હાથ ધરાયેલી સેમ્પલિંગ, દંડાત્મક કાર્યવાહી અને ભેળસેળ સામેના અભિયાનની સમીક્ષા કરવામાં આવી હતી.

સાથે રાજ્યની આરોગ્ય સેવાઓને વધુ સુદઢ બનાવવા અને 108 ઈમરજન્સી સેવાની કામગીરી વધુ સુવ્યવસ્થિત કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. રાજ્યમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કોઈ બાંધછોડ નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આપતાં મંત્રીએ ફૂડ ક્વોલિટી અને સ્વચ્છતાના ક્ષેત્રે ગુજરાતને દેશ માટે રોલ મોડલ બનાવવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

પ્રયોગશાળામાં બનાવવામાં આવેલું સોનું અત્યારે તો શેખચલ્લીનાં સપનાં જેવું જણાય છે



ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

ભારતના પ્રાચીન ગ્રંથોમાં પારામાંથી સોનું બનાવવાની વિધિ આપવામાં આવી છે, જેને સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કહેવામાં આવે છે. જૂના જમાનાના ઋષિમુનિઓ આ કળા જાણતા હતા, પણ આજની તારીખમાં ભારતમાં આ કળાના કોઈ જાણકાર દેખાતા નથી, પણ અમેરિકાના વૈજ્ઞાનિકો દ્વારા લેબોરેટરીમાં આણ્વિક ફ્યુઝન કરીને પારામાંથી સોનું બનાવાયું હોવાના હેવાલો વહેતા થયા છે. અમેરિકાના એક સ્ટાર્ટઅપે પારામાંથી સાચું સોનું બનાવવાનો દાવો કર્યો છે. તેના પછી ઈન્ટરનેટ પર લોકો કહે છે કે હવે આ સોનું ખરીદો તેની કિંમત પણ આ રીતે જ ચૂકવો. આ કંપનીનું નામ છે, મેરેથોન ફ્યુઝન. ૨૧ ઓક્ટોબરે કંપનીએ X પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે તેણે તેને પારામાંથી સોનું બનાવીને તેને સ્થિર પણ કર્યું છે. કંપનીએ પણ કહ્યું હતું કે તેણે CERNનો જૂના રેકોર્ડ કરતાં દસ ગણું સારું પરિણામ મેળવ્યું છે. આ વાતમાં ઊંડા ઊતરવાની જરૂર છે. જો અમેરિકાની કંપનીને ખરેખર પારામાંથી સોનું બનાવવામાં સફળતા મળી હોય તો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં કડાકો બોલી જવો જોઈએ, પણ તેવું બન્યું નથી. આ બાબતમાં હજુ ઘણા સવાલોના જવાબો મેળવવાના બાકી રહે છે. પહેલો સવાલ એ છે કે આખરે આ કંપની કેટલા ખર્ચે સોનું બનાવી રહી છે? કંપની હજુ સુધી સ્પષ્ટ નથી કરતી કે તેણે કુલ કેટલું સોનું બનાવ્યું છે અને તેની કિંમત કેટલી પડી છે. અમેરિકાની CERN પ્રયોગશાળા દ્વારા ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીના પ્રયોગોમાં કુલ ૨૯ પિકોગ્રામ સોનું બનાવવામાં આવ્યું હતું. હવે સમજો કે એક પિકોગ્રામ એટલે એક ગ્રામનો ટ્રિલિયનમો હિસ્સો થાય છે. CERN ના વૈજ્ઞાનિકો સ્થાપિત કરે છે કે તેમના દ્વારા પ્રયોગશાળામાં જે સોનું બની રહ્યું છે, તે એક ગ્રામ સોનું બનતાં લગભગ ૧૦૦ અજબ વર્ષ લાગે છે. કંપનીએ એવો પણ દાવો કર્યો છે કે તેણે ૨૦૨૫માં સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત યુરોપિયન ઓર્ગેનાઇઝેશન ફોર ન્યુક્લિયર રિસર્ચ (CERN) દ્વારા સ્થાપિત અગાઉના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે. સ્ટાર્ટઅપ અનુસાર, તેમની નવી ફ્યુઝન પદ્ધતિએ CERN કરતાં લગભગ ૧૦ ગણી ઝડપથી સોનું સફળતાપૂર્વક ઉત્પન્ન કર્યું છે. આ નવો રેકોર્ડ ભવિષ્યના પરમાણુ વિજ્ઞાન માટે દુર્લભ ધાતુઓનું ઉત્પાદન કરવાનો માર્ગ મોકળો કરશે તેવું માનવામાં આવે છે.

હવે માની લઈએ કે મેરેથોન નામની કંપનીએ CERN કરતાં ૧૦ ગણી ઝડપે સોનું બનાવી લીધું છે, તો પણ એક ગ્રામ સોનું બનાવતાં તેમને ૧૦ અબજ વર્ષ લાગી શકે છે. આ જ કારણે પ્રયોગશાળામાં સોનું બનાવવાના દાવા છતાં માર્કેટમાં સોનાના ભાવમાં કડાકો જોવા મળતો નથી. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું વૈજ્ઞાનિક રીતે પારામાંથી સોનું બનાવવાનું શક્ય છે? તેનો જવાબ છે, હા. તેની પાછળનું વિજ્ઞાન છે. ફ્યુઝન રિએક્ટરમાં પારાના બે અણુઓનું જોડાણ કરવામાં આવતાં તેમાંથી સોનાનો નવો અણુ અને ઊર્જા પેદા થતી હતી. પ્રયોગશાળામાં આ પ્રક્રિયાનું અનુકરણ કરવા માટે વૈજ્ઞાનિકોએ પારો (પારો-૧૯૮) પર પરમાણુ સંમિશ્રણ દ્વારા ઉત્પાદિત હાઇ-સ્પીડ ન્યુટ્રોનનો બોમ્બમારો કર્યો. અસર થતાં પારો પરમાણુ એક ન્યુટ્રોન ગુમાવે છે અને પારો-૧૯૭ માં પરિવર્તિત થાય છે. ત્યાર બાદ આ કુદરતી કિરણોત્સર્ગી પ્રતિક્રિયામાંથી પસાર થઈને ગોલ્ડ-૧૯૭ બનાવે છે, જેમાં ૭૯ પ્રોટોન હોય છે. આ ગોલ્ડ-૧૯૭ બજારમાં ઉપલબ્ધ કુદરતી સોનાનું એકમાત્ર સંપૂર્ણપણે સ્થિર સ્વરૂપ છે. આ રીતે પારામાંથી સોનું બનાવવાની કથા કોઈ સાયન્સ ફિક્શન નથી. આ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેને તમે પણ કરી શકો છો.

અસલ પડકાર છે, તેનું માળખું મોટું કરવું અને ખર્ચ ઓછો કરવો. બીજો સવાલ એ છે કે લેબોરેટરીમાં પારામાંથી સોનું બનાવતા કેટલો સમય લાગશે? મેરેથોન ફ્યુઝનનું ૨૦૨૫નું રિસર્ચ પેપર કહે છે કે તેઓ આ પ્રક્રિયા કરી શકે છે, પણ આ પ્રક્રિયામાં જે કોઈ સોનું બને છે તે રેડિયોએક્ટિવ હોય છે. તેમાં કિરણોત્સર્ગ હોઈ શકે છે. કોઈને રેડિયોએક્ટિવના જોખમ વગર માર્કેટમાં વેચવાયોગ્ય સોનું બનાવવું હોય તો તે માટે સાડા ૧૩ વર્ષ લાગી શકે છે અને તેને સંપૂર્ણ રીતે સુરક્ષિત સ્તર સુધી પહોંચતાં લગભગ ૧૮ વર્ષ લાગી શકે છે. અહીં એક અને મોટી સમસ્યા છે. આ સંપૂર્ણ પ્રક્રિયા માટે ફ્યુઝન રિએક્ટર જોઈએ અને હજુ દુનિયામાં એક પણ કોમર્શિયલ ફ્યુઝન પાવરપ્લાન્ટ હાજર નથી, જે વીજળી બનાવનાર કંપની વેચી રહી હોય છે.

આ બાબતમાં ત્રીજો સવાલ સૌથી મહત્ત્વપૂર્ણ છે અને તે મોટી ક્ષમતામાં સોનું બનાવવાની વાત છે. ૨૦૨૫ માં વિશ્વભરમાં ૩,૬૭૨ ટન સોનું ખાણોમાં હતું. હવે જોરા મેક્સ પ્લેંક ઇન્સ્ટીટ્યુટના વૈજ્ઞાનિક કાર્લ લેકનરના આંકડા પર ધ્યાન આપો તો જો તમે ઉપયોગ કરો તો ધરતીની ઉપરની સપાટી પર જે સોનું ઉપલબ્ધ છે, તે મુજબ એક વર્ષમાં લગભગ ૬૦૦ ટન સોનાનું ઉત્પાદન જ શક્ય છે. મતલબ કે આખી દુનિયામાં એક વર્ષમાં જેટલા સોનાનું ઉત્પાદન થાય છે, તેનો નાનકડો ભાગ પણ પ્રયોગશાળામાં બનાવી શકાય તેમ નથી. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનું ગણિત માર્કેટમાં સોનાના પુરવઠામાં દર વર્ષે ૨૫ ટનના વધારાની જ ગણતરી રાખે છે.

હવે લોકો તેની સરખામણી લેબોરેટરીમાં બનાવવામાં આવતા હીરા સાથે કરી રહ્યા છે. તેનો પણ વિચાર કરવા જેવો છે. બજારમાં લેબગ્રોન ડાયમન્ડ આવ્યા પછી સાચા હીરાની કિંમતમાં ધરખમ ઘટાડો થયો છે, પણ અહીં એક ખૂબ જ મોટું અંતર છે. હીરાને લેબોરેટરીમાં ઓછા ખર્ચે અને ઓછા સમયમાં બનાવવામાં આવી શકે છે. આ સોનું લેબોરેટરીમાં બનાવવા માટે પહેલાં ફ્યુઝન રિએક્ટર જોઈએ, પછી નજીકના ભવિષ્યમાં વાર્ષિક ૬૦૦ ટન સોનું બને તે ખાસ જરૂરી છે અને પછી પણ તેને સુરક્ષિત કરવા માટે વર્ષોની રાહ જોવી પડી શકે છે. તેથી બંનેની તુલના કરવી એટલી સરળ નથી. હીરાની કિંમત ઘટી એટલે તેમ કહી ન શકાય કે લેબમાં સોનું બનાવવાથી સોનાની કિંમત પણ સમાન રીતે ઘટી જશે, પરંતુ આ સંપૂર્ણ વાર્તામાં એક રસપ્રદ વળાંક પણ છે.

મેરોથન ફ્યુઝન કંપનીનું મુખ્ય લક્ષ સોનું બનાવવાનું નથી, પરંતુ ફ્યુઝન રિએક્ટર ચલાવવાનો ખર્ચ પૂરો કરવા માટે વધારાની કમાણી કરવાનું પણ છે. આ કંપનીનો અંદાજ છે કે સોનું વેચીને કમાણી કરવા દ્વારા તેની કમાણી એક ગીગાવોટ દીઠ વાર્ષિક ૨૨૩ ડોલરથી વધીને ૪૮૨ ડોલર સુધી પહોંચી શકે છે. આ કંપનીએ એવું વિચાર્યું છે કે ફ્યુઝન રિએક્ટર વીજળી બનાવવાની સાથે-સાથે સોનું પણ બનાવશે. હવે આ સંપૂર્ણ વાર્તાનો ભારતથી શું સંબંધ છે? ભારતનાં ઘરોમાં ૨૩,૦૦૦ થી ૨૫,૦૦૦ ટન સોનું હોવાનું અનુમાન છે. ભારતીય પરિવારો માટે સોનું માત્ર સુંદરતા માટે નથી, પરંતુ બચત અને રોકાણનું પણ એક મોટું સાધન છે. આજની સોનાની કિંમત પર યુએસ ફેડરલ રિઝર્વની મજબૂતાઇ અને વિશ્વમાં રાજકીય વાતાવરણનો પ્રભાવ પડતો હોય છે. તેથી એક એક ટ્વિટથી માની લેવું કે સોનાની કિંમત હવે ઝડપથી ઘટી જશે તે સાચું નથી.

હજુ આ ટેકનિક દ્વારા ઉત્પાદિત સોનાની માત્રા, રિએક્ટરની ઉપલબ્ધતા, કિંમત અને રેડિયોએક્ટિવિટીની ઘણી મોટી સમસ્યાઓનો જવાબ મેળવવાનો બાકી છે. તેથી વાસ્તવિક પ્રશ્ન એ નથી કે લેબમાં સોનું બનાવવામાં આવી શકે છે કે નહીં. વૈજ્ઞાનિક પ્રક્રિયાથી તે કરવું શક્ય છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે આ પદ્ધતિથી સોનાનું એટલું ઉત્પાદન ક્યારે શક્ય બનશે કે બજારમાં તેનો પુરવઠો વધશે, કિંમત ઓછી થશે અને તમારા ઘરના સોનાની કિંમત પર પણ તેની અસર પડશે. લેબમાં સોનું બનાવવા અને સમગ્ર વિશ્વમાં સોનાના બજારને બદલવા વચ્ચે ઘણું અંતર છે.

ભલે પ્રયોગશાળામાં સોનું બનાવવાની પ્રક્રિયા CERN કરતાં ૧૦ ગણી ઝડપી હોય, છતાં વ્યવહારમાં તે હજુ પણ ખૂબ જ ધીમી છે. વર્તમાન વૈજ્ઞાનિક ક્ષમતાઓમાં, પ્રયોગશાળામાં માત્ર ૧ ગ્રામ સોનું બનાવવામાં સેંકડો વર્ષો લાગશે. વધુમાં, આ પદ્ધતિનો ઉપયોગ કરીને સોનું બનાવવાનો ખર્ચ પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરીને ખાણોમાંથી સોનું કાઢવા કરતાં અબજો ગણો વધારે છે. આ વિશાળ ખર્ચને કારણે હાલમાં તેને વ્યાપારી રીતે વેચવું સંપૂર્ણપણે અશક્ય છે. ફ્યુઝન પ્રક્રિયાઓ દ્વારા ઉત્પાદિત સોનાને પણ ગંભીર સલામતી ચિંતાઓનો સામનો કરવો પડે છે. પરમાણુ પ્રતિક્રિયાઓ દ્વારા ઉત્પાદિત સોનાને માનવ વપરાશ માટે યોગ્ય બનાવવા માટે, તેની કિરણોત્સર્ગ સક્રિયતાને દૂર કરવા માટે તેને ઘણાં વર્ષોના ઠંડક સમયગાળામાંથી પસાર થવું પડે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

હજુ આ ટેકનિક દ્વારા ઉત્પાદિત સોનાની માત્રા, રિએક્ટરની ઉપલબ્ધતા, કિંમત અને રેડિયોએક્ટિવિટીની ઘણી મોટી સમસ્યાઓનો જવાબ મેળવવાનો બાકી છે

ભાવનગરમાં 650 કરોડના ખર્ચે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ઓવરબ્રિજ બનશે

કુંભારવાડા ફાટક પર પણ બ્રિજનું આયોજન

નારી ચોકડીથી વરતેજ સુધીના મેગા ઓવરબ્રિજ માટે ટેન્ડર બહાર પડાયું

કુંભારવાડા ફાટક પર દ્વિમાર્ગી ઓવરબ્રિજ બનતાં ટ્રાફિકની સમસ્યામાંથી મળશે મુક્તિ

ગાંધીનગરઃ ભાવનગર શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા અને વાહનવ્યવહાર વધુ સુગમ બનાવવા બે મોટા ઓવરબ્રિજ પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. નારી ચોકડીથી વરતેજ સુધી અંદાજે 650 કરોડના ખર્ચે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ઓવરબ્રિજ બનાવવામાં આવશે, જેના માટે ટેન્ડર પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. બીજી તરફ, લાંબા સમયથી રેલવે ફાટકના ટ્રાફિકથી પરેશાન કુંભારવાડા વિસ્તારના લોકોને પણ હવે ઓવરબ્રિજની સુવિધા મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘ફાટક મુક્ત ભારત’ અભિયાન અંતર્ગત કુંભારવાડા ફાટક પર નવો ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ બંને પ્રોજેક્ટ સાકાર થતાં ભાવનગરના શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોની કનેક્ટિવિટીમાં મોટો ફેરફાર થવાની સાથે હજારો વાહનચાલકોનો સમય અને ઇંધણ બચશે. ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ બંને પ્રોજેક્ટની વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ બ્રિજની ડિઝાઇન એવી રીતે તૈયાર કરાશે કે વાહનો સરળતાથી ચઢી અને ઊતરી શકે. તેના માટે બે ભાગમાં દ્વિમાર્ગી વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. મંત્રી જીતુ વાઘાણીએ ભાવનગર મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા અને મ્યુનિ.કમિ. સાથે સ્થળની મુલાકાત લઈને પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી હતી. તમામ ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ નિર્માણકાર્ય શરૂ કરવામાં આવશે. બંને ઓવરબ્રિજ પ્રોજેક્ટ ભાવનગરના વધતા શહેરી ટ્રાફિક અને ઔદ્યોગિક વિસ્તારોની અવરજવર માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. ખાસ કરીને કુંભારવાડાના શ્રમિકો, વેપારીઓ અને રોજિંદા વાહનચાલકોને રેલવે ફાટક પર થતી લાંબી રાહમાંથી રાહત મળવાની અપેક્ષા છે.

VGGS-2027 માટે ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડમાં રોકાણકારો સાથે બેઠકો

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027 પહેલાં ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ આકર્ષવા માટે રાજ્ય સરકારે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં આઠ દિવસીય રોકાણ સંપર્ક અભિયાન હાથ ધર્યું હતું. 26 ઓક્ટોબરથી 2 નવેમ્બર દરમિયાન યોજાયેલા આ રોડ-શોમાં ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, ક્રિટિકલ મિનરલ્સ, રિન્યુએબલ એનર્જી, ટેકનોલોજી, લોજિસ્ટિક્સ, શિક્ષણ, પ્રવાસન અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં ગુજરાત સાથે ભાગીદારીની તકો રજૂ કરવામાં આવી હતી. આ દરમિયાન 150થી વધુ ઉદ્યોગસાહસિકો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે આઠ રાઉન્ડટેબલ ચર્ચા, 11 વન-ટુ-વન બેઠકો અને ચાર મંત્રીસ્તરીય બેઠકો યોજાઈ હતી. આ ઉપરાંત છ ઔદ્યોગિક અને સુવિધાકીય સ્થળોની મુલાકાત તથા ત્રણ પ્રવાસી ભારતીય સમુદાયના કાર્યક્રમો પણ યોજાયા હતા. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિમંડળે ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન, સિડની અને બ્રિસ્બેન ઉપરાંત ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં રોકાણકારો, કંપનીઓ અને સરકારી પ્રતિનિધિઓ સાથે બેઠકો કરી હતી. આગામી 10થી 12 જાન્યુઆરી, 2027 દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને ધ્યાનમાં રાખીને આ મુલાકાતમાં ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાઓ અને રોકાણની સંભાવનાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે સુરતના ડૉ. પૃથુલ દેસાઈની નિમણૂક

સુરતની સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના પ્રિન્સિપાલને જવાબદારી સોપાઈ

અમદાવાદઃ ગુજરાતની પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટીમાં સુરતની જાણીતી સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. પૃથુલ રમેશભાઈ દેસાઈની ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ (વાઇસ ચાન્સેલર) તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. ‘ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, 2023’ની કલમ 10(4) હેઠળ રાજ્યપાલ દ્વારા આ નિમણૂક કરવામાં આવી છે. ડૉ. દેસાઈનો કાર્યકાળ તેઓ પદનો ચાર્જ સંભાળે તે દિવસથી પાંચ વર્ષ અથવા તેમની ઉંમર 65 વર્ષ થાય ત્યાં સુધીનો રહેશે. આ બંનેમાંથી જે સમયગાળો વહેલો પૂર્ણ થાય તે મુજબ તેમનો કાર્યકાળ નક્કી થશે. મૂળ સુરતના અને શૈક્ષણિક ક્ષેત્રનો લાંબો અનુભવ ધરાવતા ડૉ. પૃથુલ દેસાઈ અત્યાર સુધી સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સમાં પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી રહ્યા હતા. હવે ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે તેમની નિમણૂક થતાં યુનિવર્સિટીના શૈક્ષણિક વિકાસ, સંશોધન પ્રવૃત્તિઓ, પરીક્ષા વ્યવસ્થા અને વહીવટી કામગીરીને નવી દિશા મળશે.

BUSINESS મિત્ર

શેરબજારમાં દિવાળી અગાઉ 35 વર્ષનો સૌથી મોટો 10.6%નો ઉછાળો

સેન્સેક્સ-નિફ્ટીમાં ઐતિહાસિક તેજીથી રોકાણકારોની સંપત્તિમાં 29.57 લાખ કરોડ રૂપિયાનો તોતિંગ વધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: દિવાળી અગાઉના સપ્તાહમાં ભારતીય શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો છે, તેવો 35 વર્ષ પહેલા આવો ઉછાળો જોવા મળ્યો હતો. આમ, સેન્સેક્સમાં 35 વર્ષ પહેલાનો સૌથી મોટો ઉછાળો રહ્યો છે, જે દિવાળી પહેલા સેન્સેક્સ અને નિફ્ટીમાં 10 ટકાથી વધુ ઉછળ્યા હતા.ભારતીય શેરબજારમાં અગાઉના સપ્તાહ એટલે કે સાત સેશન્સ દરમ્યાન સેન્સેક્સ 10.6 ટકા એટલે કે 7782 પોઇન્ટ વધ્યો હતો, જે દિવાળી પહેલાનો સૌથી મોટો ઉછાળો છે. આ દરમ્યાન નિફ્ટી પણ 10.27 ટકા ઉછળી હતી. આમ, સેન્સેક્સ અને નિફ્ટીના જબરદસ્ત ઉછાળાના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 29.57 લાખ કરોડનો વધારો થયો હતો.

દિવાળીના મુર્હૂત પહેલા જે રીતે ભારતીય શેરબજારમાં તેજીનો દોર જોવા મળી રહ્યો છે, તેને જોતાં મુર્હૂત ટ્રેડિંગમાં પણ તેજી આગળ વધશે, તેવું અનુમાન કરવામાં આવી રહ્યું છે. સેન્સેક્સ 81000 અને નિફ્ટી 25000 પોઇન્ટની સપાટી પાર કરી દીધી છે, ગત સપ્તાહમાં સેન્સેક્સ 8.8 ટકા અને નિફ્ટી 8.6 ટકા વધ્યા છે, જે ફેબ્રુઆરી, 2021 પાછીનું બંને ઈન્ડેક્સમાં શ્રેષ્ઠ સાપ્તાહિક પ્રદર્શન રહ્યું છે. તે સમયે કોવિડ-19ના વેક્સીનની આશાએ શેરબજારમાં ઉછાળો આવ્યો હતો.

આ તેજી દરમ્યાન બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 503.11 લાખ કરોડ પર પહોંચી ગયું છે. જેમાં રૂ. 29.57 લાખ કરોડનો વધારો થયો છે. આમ, શેરબજારમાં તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં વધારો થયો છે.

શેરબજારમાં ઉછાળા પાછળનું મુખ્ય કારણ જોઈએ તો સરકારે જ્યારથી લોંગટર્મ કેપિટલ ગેઈન ટેક્સમાં રાહત આપવાની વાત કરી છે ત્યારથી વિદેશી રોકાણકારોનું વલણ બદલાયું છે, તેની સાથે એઆઇ બબલ ફુટી રહ્યો હોવાથી વિદેશી રોકાણકારો તેમાંથી એક્ઝીટ થઇ રહ્યા છે, ત્યારે વેલ્યુએશનની દ્રષ્ટિએ પણ ભારતીય શેરબજારની કંપનીઓ આકર્ષક રહી છે, તેથી વિદેશી રોકાણકારોનો બજારમાં પુનઃ પ્રવેશ જોવા મળી રહ્યો છે. આ સાથે ઇઝરાયલના ચુંટણી પરિણામો બાદ નેત્યાનાહૂને ફરીથી રાષ્ટ્રપ્રમુખ બનવું અઘરૂં બની ગયું છે, જ્યારે અમેરિકાના મધ્યસત્ર ચુંટણીના પરિણામો પણ ચોંકાવનારા રહ્યા હતા, જેમાં ટ્રમ્પનો પરાજય થયો છે, તેનાથી મીડલ ઈસ્ટના તણાવ પર મોટી અસર પડશે. જેથી ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો બોલાઇ ગયો છે. જે 20 ટકા સુધી તૂટી ગયા છે, અને 100 ડોલરની નીચે આવી ગયા છે, જે ભારતીય અર્થવ્યવસ્થા માટે ખૂબજ ફાયદાકારક રહેશે.

કરન્સી બજારમાં પણ ડોલરની સામે રૂપિયો મજબૂત થતો જાય છે, તે ગત શુક્રવારે 94ની નીચે આવી ગયો છે. જે 22 એપ્રિલ પછી રૂપિયાનું સૌથી મજબૂત સ્તર હતું. આ બારતીય બજારમાં રોકાણને આકર્ષક બનાવી શકે છે.

ફોરેક્સ બજાર

ડોલર	93.91 રૂ.
યુરો	105.51 રૂ.
પાઉન્ડ	125.21 રૂ.
યેન	0.5933 રૂ.

કલમ 74 અપવાદરૂપ જોગવાઇ છે અને તેનો ઉપયોગ ખરેખર કરચોરીના કિસ્સાઓ પૂરતો જ થવો જોઇએ

નામદાર ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

વ્યવહારમાં જોવા મળે છે કે ખાતું સામાન્ય મુદત પૂરી થઇ હોય ત્યારે અથવા સર્ચ કે DAAIની તપાસના આધારે લગભગ દરેક કેસમાં કલમ 74નો ઉપયોગ કરે છે. પરંતુ કલમ 74 એ અપવાદરૂપ જોગવાઈ છે અને તેનો ઉપયોગ ખરેખર કરચોરીના કિસ્સાઓ પૂરતો જ થવો જોઈએ. અને કાયદાના અર્થઘટનના પ્રમાણિક વિવાદમાં પણ ઈરાદાપૂર્વક હક્કીતો છુપાવી જેવા શબ્દો નોટિસમાં લખી દેવામાં આવે છે. ત્યારે આવાજ પ્રશ્ને નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે જ્યારે સીકતોની બંને પક્ષોને જાણ હોવાથી ‘Suppression’નો આક્ષેપ ટકી શકે નહીં. ખેર! નામદાર ગુજરાત હાઈકોર્ટના ટોરન્ટ પાવર લી.વિ. યુનિયન ઓફ ઈન્ડિયા સ્પે. સી.એપ્લી.નં.42174/2024ના તા. 14-8-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

હક્કીત...

ટોરન્ટ પાવર લી.ના ના. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચૂકાદામાં હોલ્ડિંગ કંપનીએ પોતાની સબસિડિયરી કંપનીઓની લોન માટે કોઇ પણ ફી કે કમિશન લીધા વગર બેંકોને કો.પોરેટ ગેરંટી આપેલ હતી. ત્યારે તા. 26-10-23 થી દાખલ કરાયેલ નિયમ 28(2) તથા સેન્ટ્રેલબોર્ડના CBIC તા. 27-10-23 અને 11-7-2024ના સરકયુલરને આધારે ખાતાએ કલમ 74 હેઠળ નોટિસો બજાવેલ અને ઓર્ડરો પસાર કર્યા હતા. જેને કંપની દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યા.

ચૂકાદો...

નામદાર હાઇકોર્ટે ચૂકાદો આપતા, કલમ 74 વેચાણમાં લઇ જણાવ્યું કે વેરો. છેતરપિંડી, ઈરાદાપૂર્વકના ખોટા નિવેદન ક કરચોરીના હેતુથી હક્કીતો છુપાવવાના કારણે ન ભરાયો હોય ત્યારે જ આ કલમ હેઠળ નોટિસ આપી શકાય છે. આ કેસમાં કરદાતાએ અવેજ ન હવાથી વેરો ભર્યો ન હતો અને કાયદા તથા નિયમોના આધારે બચાવ કર્યો હતો. ના.હાઇકોર્ટના. સુપ્રિમકોર્ટના યુનિવર્સલ ટેક્ષટાઇલ્સ લી.ના ચૂકાદાનો આધાર લીધો, જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે જયારે હકીકતોની બંને પક્ષોને જાણ હોય ત્યારે ‘Suppression’નો આક્ષેપ ટકી શકે નહીં. તો ના.સુપ્રિમકોર્ટે કલેકટર ઓફ સેન્ટ્રલ એકસાઇઝ વિ. એચ.એમ.એમ. લી.ના કેસમાં ઠરાવ્યું હતું કે ડયુટીને પાત્ર અમુક આઇટમો બતાવવામાં આવી ન હતી તે કારણે છેતરપિંડી કે ઇરાદાપૂર્વક હક્કીતો છુપાવી છે એમ કહી શકતા નહીં. કરચોરીના ચોક્કસ ઇરાદાથી ઈરાદાપૂર્વક હકીકતો છુપાવવામાં આવી છે કે નહીં તેની કડક ચકાસણી થવી જોઇએ. કાયદાના અર્થઘટનનો પ્રમાણિક વિવાદ હોય, કરદાતાએ પ્રમાણિક અર્થઘટન કરેલ હોય ત્યારે કલમ 74 લાગુ પડે નહીં અને નામદાર હાઇકોર્ટે ઠરાવ્યું કે ખાતાએ કલમ 74નો આશરો લેવાનું પગલું મનસ્વી છે એમ જણાવી નોટિસ તથા ઓર્ડર ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યા.

અમેરિકામાં ઓક્ટોબર દરમિયાન અંદાજ કરતા વધુ નોકરીઓ ઉમેરાઈ

બેરોજગારીનો દર ઘટીને 4.1% થયો અને સરેરાશ કલાકદીઠ કમાણીમાં માસિક 0.4% નો વધારો નોંધાયો

મુંબઈ, તા. 7ઃ ઓક્ટોબર મહિનામાં યુએસ લેબર માર્કેટે અપેક્ષા કરતાં વધુ મજબૂત વૃદ્ધિ દર્શાવી છે. નોકરીદાતાઓએ 1,65,00 નવી નોકરીઓ ઉમેરાઈ છે, જે અર્થશાસ્ત્રીઓની અપેક્ષાઓ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. ફેડરલ રિઝર્વ દ્વારા તાજેતરમાં વ્યાજ દરોમાં કરવામાં આવેલા વધારા છતાં, આ આંકડા લેબર માર્કેટની મજબૂતી સૂચવે છે.

યુએસ બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ (BLS) અનુસાર, સપ્ટેમ્બરના 4.2 ટકાની સરખામણીમાં બેરોજગારીનો દર ઘટીને 4.1 ટકા થયો છે, જ્યારે શ્રમ બળમાં ભાગીદારી દરમાં પણ થોડો વધારો જોવા મળ્યો છે.

ઓક્ટોબર મહિનામાં ઉમેરાયેલી નોકરીઓની સંખ્યા, બ્લૂમબર્ગ દ્વારા સર્વેક્ષણ કરાયેલા અર્થશાસ્ત્રીઓની અંદાજિત આશરે 70,000 નોકરીઓની સંખ્યા કરતાં નોંધપાત્ર રીતે વધારે હતી.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

એક વર્ષમાં નિફ્ટી 29000 પહોંચવાની આશા

આકર્ષક વેલ્યુએશનના લીધે લાર્જકેપ શેરોમાં આકર્ષણ રહેશે

મુંબઈ, તા. 7ઃ છેલ્લા એક સપ્તાહથી વધુ ભારતીય શેરબજારમાં તેજીનો દોર શરૂ થયો છે. ખાસ કરીને હેવીવેઇટ અને લાર્જકેપ્સ શેરોમાં ખરીદી નીકળતા ઈન્ડેક્સમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી હતી. જોકે, હજુય રોકાણકારોના પોર્ટફોલિયોમાં બહુ મોટો ફરક પડ્યો નથી, અને મોટા ભાગના રોકાણકારોના પોર્ટફોલિયો નેગેટિવ જોવા મળી રહ્યા છે, આ સંજોગો વચ્ચે નિષ્ણાતો હવે એક વર્ષમાં નિફ્ટી 29000 પોઇન્ટની સપાટીને ટચ કરશે, તેમ જણાવી રહ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે, ભારતીય અર્થતંત્ર મજબૂત છે અને કંપનીઓની કમાણી અને આકર્ષક મુલ્યાંકનની પાછળ બજારમાં તેજી ચાલુ રહેશે.

સંવત 2083 માટેની તેમની રોકાણની વ્યૂહરચનામાં પ્રાઇવેટ બેન્કો, મેટલ એન્ડ માઇનીંગ, મિડકેપ આઇટી અને ઇલે. વ્હીકલ્સ જેવા સેકટરમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી શકે છે. આ સેકટર ઉપર ફોકસ કરવું જોઇએ.

આ ઉપરાંત, બેન્કીગ, આઇટી અને કન્ઝયુમર સેકટરની રીકવરી નિફ્ટીને મજબૂત બનાવી શકે છે. નિફ્ટીની શેરદીઠ કમાણી આવતા વર્ષે રૂ. 1450 સુધી પહોંચી શકે છે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૫૯૨૦
તેજાબી સોનું	૧૪૫૮૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૬૨૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૩૦૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૯૨૦૦
ચાંદી (૯૯૯)	૧૮૯૫૦૦
ચાંદી સિક્કા	૧૯૧૦૦૦

પ્રતિ કલાક 14,000થી વધુ સોના-ચાંદીના સિક્કા ડિલિવર થયા

દિવાળીની ખરીદીમાં ‘ક્વિક-કોમર્સ’નો ક્રેઝ, ઝેપ્ટો-ઇન્સ્ટામાર્ટના ઓર્ડરમાં રેકોર્ડ ઉછાળો

સાવરણી, વાસણ અને રોશનીના ઓર્ડરમાં તોતિંગ વધારા સાથે ક્વિક-કોમર્સે પરંપરાગત બજારોને ટક્કર આપી

મુંબઈ, તા. 7ઃ દિવાળીની ખરીદી ‘ક્વિક-કોમર્સ’ તરફ વળી જતાં ઇન્સ્ટામાર્ટ, ઝેપ્ટો અને અન્ય લોકોના ઓર્ડરમાં તીવ્ર વધારો થયો છે. ભારતની દિવાળીની ખરીદી માટે ગ્રાહકો હવે સોના-ચાંદીના સિક્કાથી લઈને તહેવારના કપડાં, મીઠાઈઓ, ફૂલો અને ઘરવપરાશની આવશ્યક વસ્તુઓ ખરીદવા માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યા છે. જે વસ્તુઓ અગાઉ જ્વેલરી સ્ટોર્સ કે પરંપરાગત બજારોમાં જઈને અગાઉથી આયોજન કરીને ખરીદવામાં આવતી હતી, તે હવે ‘10-મિનિટ ડિલિવરી’ પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ થઈ રહી છે. આમ, તહેવારો દરમિયાન ગ્રાહકોની માંગ હવે માત્ર રોજિંદા કરિયાણા પૂરતી સીમિત ન રહેતા, તેનાથી ઘણી આગળ વિસ્તરી છે.

આ વર્ષે ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સે પરંપરાગત ધનતેરસ ખરીદી અને દિવાળીની આવશ્યક ચીજવસ્તુઓના ઓર્ડરમાં તીવ્ર વધારો નોંધાવ્યો હતો, જે ગ્રાહકોમાં વધુ મૂલ્ય ધરાવતી ચીજો અને પ્રસંગ-વિશિષ્ટ ઉત્પાદનો માટે પણ ઓનલાઇન ખરીદી કરવાની વધતી ઈચ્છા દર્શાવે છે.